આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૩૦ | ૧૩ ફેબ્રુઆરી, ૨૦૧૫, શુક્રવાર ; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના શિક્ષણમાં સર્જાતો નવો પડકાર

## ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણ બાદ ૪ ટકા બાળકો અભ્યાસ છોડી રહ્યા છે : સૌથી વધુ દિકરીઓ અભ્યાસ છોડી રહી છે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ધો. ૮ સુધી અભ્યાસ કર્યા બાદ શિક્ષણ છોડી દેનારા બાળકો ૪ ટકા જેટલા છે.

રાજ્ય સરકારે ધો. ૮ ને ઉચ્ચ પ્રાથમિક સાથે જોડી દીધા બાદ છેલ્લા બે વર્ષમાં આ ડ્રોપ આઉટ રેસિયાએ જિલ્લાના શિક્ષણપ્રેમીઓને ચિંતીત કરી મુક્યા છે.

શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર ૨૦૧૩-૧૪ કરતાં ૨૦૧૪-૧૫માં આ દરમાં ૧ ટકા જેટલો વધારો નોંધાયો છે. જે સૌથી વધુ ચિંતાનો વિષય બન્યો છે. શિક્ષણપ્રેમીઓમાં થતી ચર્ચા મુજબ આ ડ્રોપ આઉટ રેસિયામાં પણ વિદ્યાર્થીનીઓની સંખ્યા અને દર વિદ્યાર્થીઓના પ્રમાણમાં ઊંચો છે.

એક તરફ મહિલા સશક્તિકરણ માટે સરકાર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે ધો. ૮ બાદ અભ્યાસ છોડી દેનાર દિકરીઓની સંખ્યા વધુ છે.

ગાંધીનગર જિલ્લામાં શાળા શિક્ષણ મોંઘુ બની રહ્યું છે અને મોંઘવારીનો દર પણ ઊંચો છે એટલે વાલીઓ દિકરીઓને ભણાવવા કરતાં પરણાવી અને સાસરે વળાવવામાં વધુ વ્યસ્ત હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણનો ડ્રોપ આઉટ રેસિયો ૨ ટકાની આસપાસ છે જ્યારે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણને અંતે ડ્રોપઆઉટ રેસિયો ડબલ નોંધાયો છે.

જિલ્લા શિક્ષણમાં આ ડ્રોઆઉટ રેસિયો ઘટે તે બાબતે સમાજસેવીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ આગળ આવે તેવી માંગ શિક્ષણપ્રેમીઓ કરી રહ્યા છે.

ગાંધીનગરને નોલેજ કોરીડોર તરીકે ડેવલપ કરવાનું સ્વપ્ન આ ઊંચા ડ્રોપઆઉટને લઈ દિવા તળે અંધારા જેવી સ્થિતિનું નિર્માણ કરી રહેલ છે. રાજ્ય સરકારે સરસ્વતી સાધના યોજના સહિતની યોજનાઓ અમલમાં મુકી છે પણ તે કારગત નીવડી નથી.

૨૦૧૧ની વસ્તી ગણતરીમાં સાક્ષરતામાં અગ્રેસર સ્થાપિત થયેલા જિલ્લામાં વધતો જતો ડ્રોપ આઉટ રેસિયો ચિંતાજનક છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્ય સરકાર પણ માધ્યમિક શિક્ષણના ડ્રોપ આઉટ રેસિયાને લઈ ચિંતીત છે અને તેથી ૩ ટકાથી વધુ દર ધરાવતા જિલ્લાઓને અલાયદો એકશન પ્લાન તૈયાર કરી રજુ કરવા જણાવ્યુ છે. જિલ્લામાં આ દર ૪ ટકા જેટલો છે એટલે જિલ્લા શિક્ષણ દ્વારા પણ એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

# જિલ્લાનું અને રાજયનું બજેટ એક જ દિવસે રજુ થશે

## છેલ્લી ઘડીએ જિલ્લા સત્તાવાહકોએ રણનીતિ બદલી ૨૪ ફેબ્રુઆરીએ જ બજેટ રજુ કરી દેવાશે

ગાંધીનગર, તા.૧૨

આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬નું રાજયનું અને જિલ્લાનું અંદાજપત્ર એક જ દિવસે અર્થાત ૨૪મી ફેબ્રુઆરીના રોજ રજુ થશે. આ એક યોગાનુયોગ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પહેલાં બજેટ માટે અલગ બેઠક બોલાવવાની વિચારણા સાથે ૨૪મીએ બેઠક બોલાવાશે તેવું નક્કી થયું હતું પરંતુ છેલ્લી ઘડીએ સત્તાવાહકોએ રણનીતિમાં ફેરફાર કરી અને બજેટ પણ આ બેઠકમાં જ રજુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાનો મુદ્દો જ પહેલા હાથ ધરવાનું આયોજન બાદ પંચાયતનું બજેટ પણ તૈયાર થઈ જતાં હવે તેનો એજન્ડામાં સમાવેશ કરાયો છે.

બજેટ રજુ કરવાનો મુદ્દો એજન્ડામાં સમાવવામાં આવતાં જ જિલ્લાના રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય સર્જાયું છે.

જિલ્લા પંચાયતના બજેટમાં હવે શું નવું આવશે તે બાબતને લઈ અટકળોનો દોર શરૂ થયો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળનારી સામન્યસભામાં સમિતિઓની રચના અને બજેટ રજુ કરવા ઉપરાંત વિકાસના કામોને પણ બહાલી આપવામાં આવનાર છે.

બજેટ રજુ કરવાનો મુદ્દો એજન્ડામાં સમાવવામાં આવતાં જ જિલ્લાના રાજકીય વર્તુળોમાં આશ્ચર્ય સર્જાયું છે.

જિલ્લા પંચાયતના બજેટમાં હવે શું નવું આવશે તે બાબતને લઈ અટકળોનો દોર શરુ થયો છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળનારી સામાન્ય સભામાં સમિતિઓની રચના અને બજેટ રજુ કરવા ઉપરાંત વિકાસના કામોને પણ બહાલી આપવામાં આવનાર છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ગ્રામ વિકાસ એજન્સીનું પણ મનરેગા યોજના માટેનું લેબર બજેટ પણ રજુ થશે. આમ આ સામાન્ય સભામાં નાણાંકીય વહીવટીય અને રાજકીય બાબતોની સમગ્ર તયા કામગીરી હાથ ધરવામાં આવશે.

જિલ્લા પંચાયતનું બજેટ શ્રીમતી હીનાબેન પટેલ અને રાજયના નાણા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ બીજીવાર રજુ કરી રહ્યા છે. તે પણ એક યોગાનુયોગ ઘટના છે. રાજય સરકારનું અને જિલ્લાનું બજેટ એક સાથે રજુ થવાની ઘટના પણ યોગાનુયોગ છે.



પારંપારિક રમત - ગ્રામીણ સંસ્કૃતિ સાથે જોડાયેલી બાળકોની ભમરડાની રમત બદલાતા સમય સાથે ભૂલાતી જાય છે, ભૂંસાતી જાય છે... વિડીયો ગેમ અને કાર્ટુન ફિલ્મના ધસમસતા આક્રમણ સામે હજુ પણ ક્યાંક ભમરડાની રમત અસ્તિત્વ જાળવી રહી છે... ઓછા ખર્ચવાળી, માનસિક વિકાસની દિશામાં ગતિશીલતા આપતી અને સ્ફૂર્તિથી છલકાતા વાતાવરણનું નિર્માણ કરતી આ નાનકડી રમત બાળકોની એકાગ્રતા અને ધ્યેયનિષ્ઠામાં વધારો કરે છે... સમયનો પડકાર છે, ભૂલાતી રમતોને ફરીથી યથાસ્થાને લાવવાની આવશ્યકતા છે.... (તસવીર : કશ્યપ નિમાવત)





પ્રેમની અભિવ્યક્તિ - ૧૪મી ફેબ્રુઆરીએ વેલેન્ટાઈન-ડેની ઉજવણી માટે યુવાનો થનગની રહ્યા છે... પોતાના પ્રિય પાત્રને વેલેન્ટાઈન ગીફ્ટ આપવા બજારમાં ખરીદી કરવા યુવાધન ઉમટી પડ્યું છે... પ્રિય પાત્ર સાથેના સંબંધ આધારિત વેલેન્ટાઈન ગીફ્ટની ખરીદીમાં મશગુલ યુવતીઓ ખુશખુશાલ નજરે પડી રહી છે....

# જિલ્લામાં ગ્રામસભાઓને નબળો પ્રતિસાદ

## ત્રણ ગ્રામ સભાઓ કોરમના અભાવે મુલ્તવી રહી : ૧૧૯ પ્રશ્નો વણ ઉકલ્યા રહ્યા : ગ્રામસભામાં ૨૭૬ પ્રશ્નો રજુ થયા હતા : સૌથી વધુ પ્રશ્નો ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનને અંતે ૧૧૯ જેટલા પ્રશ્નો વણઉકલ્યા રહેવા પામ્યા છે.

જિલ્લામાં ગ્રામસભા અભિયાનના ૨૫મા તબક્કામાં ૩ ગ્રામસભાઓ કોરમના અભાવે થઈ ન હતી તો ૪૩ ગ્રામપંચાયતોમાં ચૂંટણીની આચાર સંહિતાને લઈ મુલ્તવી રાખવામાં આવી હતી.

આ ગ્રામસભા અભિયાન માત્ર ૨૫૬ ગામોમાં યોજાયુ હતુ અને તેમાં ૨૭૬ પ્રશ્નો રજુ થયા હતા. આમ આ અભિયાનમાં પણ સરેરાશ ૧.૫ જેટલા પ્રશ્નો રજુ થતાં સત્તાવાહકોમાં ચિંતાની લ્હેર જોવા મળી રહી છે.

આ અભિયાનમાં ધારાસભ્યો પદાધિકારીઓ, પ્રભારી મંત્રી, પ્રભારી સચિવો જોડાશે તેવી વાતો થઈ હતી પરંતુ વિકાસ કમિશનરશ્રી પંકજ જોશીએ એક ગ્રામસભામાં, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એક ગ્રામસભામાં હાજર રહ્યા હતા. જો કે ધારાસભ્યો, પ્રભારી મંત્રી, પ્રભારી સચિવ કે પંચાયતના પદાધિકારીઓ ન જોડાતાં પણ ચર્ચાનો મુદ્દો બનવા પામ્યો છે.

આ ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા પ્રશ્નોમાં સૌથી વધુ પ્રશ્નો ગાંધીનગર તાલુકામાં ૮૫, દહેગામમાં ૭૪, કલોલમાં ૬૦ અને માણસામાં ૫૭ રજુ થયા હતા જ્યારે સૌથી વધુ પ્રશ્નો ઉકલ્યા વિનાના રહ્યા તેમાં માણસાના ૪૯, ગાંધીનગરના ૩૮, દહેગામના ૧૭ અને કલોલ તાલુકાના ૧૫ પ્રશ્નો છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામસભા અભિયાનમાં રજુ થયેલા ૨૭૬ પ્રશ્નો પૈકી ૧૭૮ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ થયો હતો. ૪૨ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો હતો. જ્યારે ૧૧૯ પ્રશ્નો વણ ઉકલ્યા રહેવા પામ્યા છે.

જિલ્લાના આ ગ્રામસભા અભિયાનમાં ૪૧,૮૫૨ વ્યક્તીઓએ હાજરી આપી હતી. જેમાં ૨૯,૩૩૫ પુરૂષ અને ૧૨,૫૩૭ મહિલાઓ જોડાઈ હતી.

જિલ્લાના આ અભિયાનમાં ત્રણ ગ્રામસભાઓ કોરમના અભાવે મુલ્તવી રાખવાની ફરજ પડી હતી. તો ૧૦ જેટલી ગ્રામપંચાયતોમાં માત્ર ૧ થી ૨ ટકા ગ્રામજનોએ હાજરી આપી હતી. આવી ઓછી હાજરી ધરાવતી ગ્રામપંચાયતોમાં કલોલની ૬ અને ગાંધીનગરની ૪ ગ્રામપંચાયતોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામસભા અભિયાનના નબળા પ્રતિસાદને લઈ જિલ્લા તંત્રમાં સોંપો પડી જવા પામ્યો છે. આ બાબતે સમીક્ષા હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં વધુ એક સ્વાઈન ફલુનો કેસ

## આરોગ્ય તંત્ર દ્વારા જન જાગૃતિ અભિયાન સઘન બનાવાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુનો વધુ એક પોઝીટીવ કેસ મળી આવ્યો છે. દરમિયાન જિલ્લા આરોગ્ય તંત્ર એ આ સામે સાવધાની રાખવા માટેના પગલાંઓને અગ્રતા આપી જન જાગૃતિ અભિયાન સઘન બનાવવાનો નિર્ણય કરેલ છે.

જિલ્લામાં આજે સ્વાઈન ફલુનો વધુ એક કેસ નોંધાયો છે. કલોલ તાલુકાના મોખાસણ ગામે ૫૫ વર્ષીય વૃધ્ધને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં સિવીલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના આ સિઝનમાં કુલ ૨૯ કેસ થયા છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બે દર્દી વેન્ટીલેટર પર છે જયારે ૧૫ દર્દીઓની તબિયત સુધારા પર છે. ૯ દર્દી સાજા થતાં તેમને રજા અપાઈ છે. જિલ્લા આરોગ્ય તંત્ર એ પહેલીવાર કહ્યું છે કે જિલ્લામાં આ રોગને નાથવા માટે જનજાગૃતિ

● અનુસંધાન પાન-૭ પર

# કૃષિ વિકાસની સાથે રૂર્બન પ્રોજેકટથી પ્રભાવિત થતા નાબાર્ડના ચેરમેન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના રૂર્બન પ્રોજેકટની મુલાકાતે આજે નાબાર્ડના ચેરમેનશ્રી ભાનવાલાના નેતૃત્વની એક ટીમ આવી હતી.

આ ટીમે ગાંધીનગર જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન માટેરૂ. ૪ કરોડની ફાળવણી અંગે ખુશી વ્યકત કરી કૃષિ ક્ષેત્રે આ મહત્વના પગલાંને બિરદાવ્યું હતું.

શ્રી ભાનવાલાએ રૂર્બન પ્રોજેકટને લઈ પણ પ્રસન્નતા વ્યકત કરી હતી.

ગાંધીનગરના પાદરે આવેલા રાંધેજા ગામની મુલાકાત આજરોજ નાર્બાડના ચેરમેન શ્રી ડાં. હર્ષકુમાર ભાનવાલા અને તેમની ટીમે લીધી હતી. આજરોજ ગાંધીનગર જિલ્લાની મુલાકાતે નાર્બાડના ચેરમેન શ્રી ડાં. હર્ષકુમાર ભાનવાલા, ડેપ્યુટી મેનેજીંગ ડાયરેકટર શ્રી એચ. આર. દવે, ચીફ જનરલ મેનેજર શ્રી મહેશકુમાર મુગદલ અને આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી એચ.આર. શ્રીવત્સ ગાંધીનગર ખાતે નાર્બાડ હસ્તકના કામોની મુલાકાતે આવ્યા હતા. ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાને તમામ મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ગાંધીનગર જિલ્લાની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ રાંધેજા ખાતે રૂર્બન પ્રોજેકટ હેઠળ પૂર્ણ કરવામાં આવેલ ભુર્ગભ ગટર યોજનાની સવિસ્તાર માહિતી આપતું પ્રેઝેન્ટેશન મહાનુભાવો સમક્ષ રજૂ કર્યુ હતું.

નાર્બાડના ચેરમેન શ્રી ડાં. હર્ષકુમાર ભાનવાલા અને તેમની ટીમે રાંધેજા ગામ ખાતે રૂબરૂ પંપીગ સ્ટેશનની મુલાકાત લીધી હતી અને કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સ્થળ ઉપર ખેતીવાડી ખાતા તરફથી ખેડૂતોને માર્ગદર્શક આપતા પુસ્તકો પ્રકાશિત કર્યા છે, તે પણ મહાનુભાવોને અર્પણ કર્યા હતા. ખેતીવાડીની વિવિધ યોજનાની માહિતી આપી હતી.

શુભેચ્છા



જયાબેન ગોસ્વામી

હેપ્પી વેલેન્ટાઈન-ડે

જીવન એટલે ગતિ-પ્રગતિ

આજે પ્રેમ મહિમા દિને અમેરિકાની યાત્રાના પ્રસ્થાને અમારી અંતરની શુભેચ્છાઓ...

અમૃત ● રવિ ● જીજ્ઞા (પરિવાર)

પ્લોટ નં. ૧૬૭૬/૧, સેક્ટર-૨(ડી)

મો. : ૯૮૨૫૦ ૭૪૫૦૦









